

## વાત્રક નદી બે કાંઠે વહી...

સમગ્ર ઉત્તર ભારતમાં ધોધમાર વરસાદ પડવાની આગાહીઓ થઈ હતી તે આગાહીઓના આધારે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતમાં અનેક જગ્યાએ વરસાદ ચાર પાંચ દિવસથી ઝરમર કે ધોધમાર વરસાદ અનેક જગ્યાએ પડ્યો હતો, ત્યારે બાયડ તાલુકામાં આવેલી વાત્રક નદી બે કાંઠે પાણી વહેતા બાયડ તાલુકાની પ્રજાજનોમાં આનંદ જોવા મળ્યો હતો, વાત્રક ડેમમાં ઉપરવાસમાં ધોધમાર વરસાદને કારણે પાણીની આવક થતાં વાત્રક ડેમના બે દરવાજા ખોલવામાં આવ્યા હતા, જેને કારણે વાત્રક ડેમ જોવા માટે પર્યટકો ઉમટ્યા હતા.

# શામળાજી પોલીસે ૧૬.૩૨ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

અરવલ્લી જિલ્લાના સુપ્રસીદ્ધ યાત્રાધામ શામળાજી નજીક આવેલી રતનપુર ચેકપોસ્ટ નજીકથી મંગળવારે સવારે ૧૦.૩૦ કલાકે શામળાજી પોલીસે રાજસ્થાન તરફથી આવતા શંકાસ્પદ ટ્રક (ગાડી નં. આરજે.૨૭.જીએ.૨૫૩૧)ને અટકાવી તલાશી લેતા ટ્રકમાં તાડપત્રી નીચે સંતાડેલો ગેરકાયદેસર વગર પાસ પરમીટનો જુદી જુદી બ્રાન્ડનો વિદેશી દારૂ અને બીયર ટીન નંગ ૧૧૦૪૦ કિંમત રૂ. ૧૬,૩૨,૦૦૦નો જથ્થો પાનીપત હરિયાણાથી ભરીને ગુજરાતના રાજકોટ ખાતે પહોંચાડવાની ફીરાકમાં રહેલા ટ્રક ડ્રાયવર બલજીતસીંગ જોગેન્દ્રસીંહ જાટને ઝડપી પાડી સામળાજી પોલીસે ટ્રકની કિંમત રૂ. ૧૦ લાખ તથા રોકડ રકમ, મોબાઈલ, તાડપત્રી-રસ્સી વગેરે મળી કુલ ૨૬,૩૪,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી અન્ય એક બુટલેગર સોનુ ઉર્ફે સુખવિંદરસીંગ જાટ (રહે. પટીયાલા પંજાબ) વિરૂદ્ધ પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

# જન્માષ્ટમીના પાવન દિવસે સતત ૩૨મા વર્ષે મોડાસાથી રણુંજા ૮૦૦ કિમી. લાંબી ભવ્ય પદયાત્રાનો પ્રારંભ

મોડાસા, તા. ૨૪

કળિયુગના હાજરાહાજુર દેવ ગણાતા રણુજાધીશ ભગવાન બાબા રામદેવજીના ભાદરવાના ભવ્ય લોકમેળામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ મોડાસાના શ્રી રામદેવ મંડળ સેવા સંઘ દ્વારા મોડાસાથી રણુજાની આઠસો કિમી.ની ૩૨મી ભવ્ય પદયાત્રાનો પ્રારંભ જન્માષ્ટમીના દિવસે થશે. આ પ્રસંગે સંતો, મહંતો અને નાગરિકો અને રામદેવભક્તોનો મોટો સમુદાય આ સંઘનું વાજતે-ગાજતે પ્રસ્થાન કરાવશે.

૩૧ વર્ષ અગાઉ બ્રહ્મલીન મહંત ૧૦૮ ચંદુનાથજી યોગી પ્રેરિત આઠસો કિ.મી. લાંબી આ પદયાત્રા શ્રી રામદેવ મંડળ સેવા સંઘ, મોડાસાના ઉપક્રમે સંઘના અધ્યક્ષ મહંત ધર્મેન્દ્રનાથજી યોગી તથા મહંતશ્રી જશવંતનાથજી યોગી (મંત્રી)ના નેતૃત્વમાં ૩૨મી ભવ્ય પદયાત્રામાં અરવલ્લી જિલ્લા, સાબરકાંઠા જિલ્લા, ખેડા જિલ્લા, મહિસાગર જિલ્લા, પંચમહાલ જિલ્લાના અંદાજે ૧૫૦૦થી વધુ પદયાત્રીઓ રામદેવજીના ભક્તજનો ઉમંગભેર જોડાશે.

જન્માષ્ટમી મહોત્સવના પાવનપર્વે સવારે ૯.૩૦ કલાકે મહામંડલેશ્વર શ્રી ૧૦૦૮ યોગીજી મહારાજ, ખંદરા-શીવગંજ (રાજસ્થાન), મહામંડલેશ્વર શ્રી ૧૦૦૮ ઓમકારગીરી મહારાજ-કાંકણી રાજસ્થાન સહિતના ગુજરાત રાજ્ય તેમજ રાજસ્થાનના સંતો, મહંતોના ઉપસ્થિતિમાં દિપ પ્રાગટ્ય કરી શ્રીફળ અર્પણ કરી યાત્રાનો પ્રારંભ કરાશે. પ્રસ્થાન સમયે અરવલ્લી જિલ્લાના સામાજીક અગ્રણીઓ, સેવાકીય સંસ્થાઓના વડાઓ ઉપસ્થિત રહેશે.



## ધાનેરામાં શીતળા સાતમનો મેળો

ધાનેરા તાલુકાના ધાખા ગામે અને થરાદ તાલુકાના લવાણા કળશ ગામે શીતળા સાતમ નિમિત્તે ભાતીગળ મેળો ભરાયો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકોએ શીતળામાતાના શ્રદ્ધા અને આસ્થા સાથે પૂજા અર્ચના કરી પોતાની માન્યતા પુર્ણ કરી હતી. અને યુવાન યુવક યુવતીઓએ મેળાનો આનંદ માણ્યો હતો. આ મેળાની ખાસીયતની વાત કરવા જઈએ તો નાના બાળકોને ઓરી નીકળે તો માનતા માનવામાં આવે છે કે અમારા બાળકોને ઓરી મટી જશે તો બાળકને ગોળ કે બાજરી ભારોભાર તોલવાની માન્યતા રખાય છે. જ્યારે લોક વાયકાની વાત કરવા જઈએ તો કોઈનો કાન, નાક, ગળા કે હાથ પગની તકલીફ હોય તો માન્યતા રાખવામાં આવે છે કે જો ઠીક થઈ જશે તો ચાંદીના કાન, આંખ, ગળા, તેમજ હાથ-પગ ચડાવવામાં આવે છે. આ મેળામાં મોટી સંખ્યામાં લોકોએ આવી શીતળા માતાને ઠંડુ ભોજન ધરાવ્યુ હતુ અને લોકો પોતપોતાની માન્યતા મુજબ વસ્તુ ચઢાવી પોતાની માન્યતા પુર્ણ કરી હતી. તેમજ યુવક-યુવતીઓએ મેળામાં સાથે ફરીને મેળાનો આનંદ માણ્યો હતો. આ મેળામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

# ઊંઝા વિસ્તારમાં ૨૪ કલાકમાં બે ઈંચ વરસાદ

ઊંઝા, તા. ૨૪

ઊંઝા પંથકમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૨ ઈંચ જેટલો વરસાદ થતાં ચોમાસુ ખરીફપાકોના વાવેતરોની સ્થિતિ સુધરી ગઈ છે. આ વિસ્તારમાં ગઈકાલથી વરસાદની શરૂઆત થઈ હતી. જેમાં મોડી સાંજે ઊંઝા શહેરમાં મેઘરાજાએ મન મુકીને વરસતા નીચાણવાળા ભાગોમાં પાણી ભરાઈ ગયા હતા.

શહેરમાં હાઈવેને જોડતા અન્ડરબ્રિજમાં પાણી ભરાતા વાહન વ્યવહારને મુશ્કેલી પડી હતી. કેટલીક જગ્યાએ જાહેર માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. જો કે પાછળથી વરસાદ ધીમો પડી જતાં પાણી ઓસરી ગયું હતું. સર્વત્ર સારા વરસાદને કારણે ચોમાસુ ખરીપ પાકોને ફાયદો થયો છે. હાલ મઘા નક્ષત્રમાં વરસાદ પડતાં આ પાણી સારૂ હોઈ વાવેતરોની સ્થિતિ ઝડપથી સુધરી રહી છે.

તાલુકામાં વરસાદી માહોલ ચાલુ રહેતા હજી ઘણા ખેતરોમાં ખરીફપાકોની વાવણી થઈ શકી નથી. હાલ ખેડૂતો મુખ્યત્વે એરંડા, જુવાર(દાણા)નું વાવેતર કરી રહ્યા છે. આ ઉપરાંત વરીયાળીની રોપણીનું કામ ચાલી રહ્યું છે. વરસાદી વાતાવરણને લીધે તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કાદવકિચડ અને ગંદકી થઈ છે જેથી રોગચાળો થવાની દહેશત ફેલાઈ છે.

તાલુકાના કેટલાક ગામોમાં કચરાના નિકાલ માટે ગ્રામ પંચાયતોએ કચરા પેટી, ટ્રોલીઓ મુકી છે પરંતુ કચરાથી ભરાવા છતાં તેનો સમયસર નિકાલ ન થતાં આવી કચરાપેટીઓ ટ્રોલીઓ ગંદકીનું દોઝખ બની ગયેલ છે.

# મોડાસા બસ સ્ટેન્ડ વિસ્તારમાંથી ૧૨ વર્ષની કિશોરીનું અપહરણ

## સીસીટીવી કુટેજના આધારે પોલીસે નાકાબંધી કરતા પાંડવા પાસે અજાણ્યો શખ્સ કિશોરી અને બાઈક મુકીને ફરાર

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના દિવસ રાત ધમધમતા બસસ્ટેશન વિસ્તારમાંથી અજાણ્યા બાઈક સવારે મામાના ઘરેથી બાયડ જવા નીકળેલી ૧૨ વર્ષીય કિશોરીનું અપહરણ કરતાં ચકચાર મચી જવા પામી હતી. પોલીસે સીસીટીવી કેમેરાના આધારે બાલાસિનોરના પાંડવા પાસેથી બાઈક ચાલકને આંતરી કિશોરીને બચાવી લીધી હતી ત્યાર પછી મોડાસા ટાઉનપોલીસ બાલાસિનોર જવા રવાના થઈ હતી.





મોડાસાના માજણના ફતેસિંહ કોદરસિંહ પરમાર તેમની ભાણી (ઉ.વ.૧૨)ને બાયડના ચાંદરેજ ગામે મુકવા નીકળ્યા હતા. દરમિયાન મોડાસા બસસ્ટેશન વિસ્તારમાં ઉભા હતા તે સમયે વાદળી કલરનો શર્ટ પહેરેલ એક અજાણ્યો બાઈક ચાલક આધેડ સાથે ક્યાં જવું છે તેની પુછપરછ કરી હતી ત્યારે આધેડે ભાણીને ચાંદરેજ જવાનું છે તેવું કહેતા યુવકે હું ત્યાંનો જ વતની છુ તેમ કહી આધેડને ચા પીવા માટે લઈ ગયો હતો અને આ બાળકીને હું ઘરે પહોંચાડી દઈશ તેમ કહી બાળકીને લઈ ફરાર થઈ ગયો હતો.

એકાએક બનેલી આ ઘટનાથી હેબતાઈ ગયેલા આધેડે બૂમાબૂમ કરી મુકતા સ્થાનિકો દ્વારા મોડાસા ટાઉન પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે પી.આઈ. એસ.જે. મોદી દ્વારા બસસ્ટેશન વિસ્તારની દુકાનોના સીસીટીવી કુટેજ ચેક કરી તેના આધારે બાઈક નંબર મળી આવ્યો હતો જેનો તમામ જિલ્લામાં પોલીસમથકોને વાયરલેસથી જાણ કરી દેવામાં આવી હતી. જેથી પોલીસે ઠેર ઠેર નાકાબંધી કરી દીધી હતી. બીજી તરફ બાઈકનો નંબર બાલાસિનોર આરટીઓનું રજિસ્ટ્રેશન હોવાનું જણાઈ આવતા બાલાસિનોર પોલીસ એલર્ટ બની ગઈ હતી. દરમિયાન પાંડવા ગામ પાસે કિશોરની બાઈક ઉપર બેસાડી લઈ જતા શખ્સની હિલચાલ શંકાસ્પદ જણાતા પોલીસે અને ગામલોકોએ બાઈક ચાલકને આંતર્યો હતો.

દરમિયાન બાઈક ચાલકે ઝડપાઈ જવાના ડરથી કિશોરી અને બાઈકને ત્યાં જ મુકી દઈ ફરાર થઈ ગયો હતો. આ મામલાની જાણ કિશોરીના પરિવારજનોને થતાં મોટી સંખ્યામાં બાલાસિનોર પોલીસ મથકે પહોંચ્યા હતા અને આ મામલે ટાઉન પોલીસ પણ કિશોરીનો કબજો મેળવવા બાલાસિનોર જવા રવાના થઈ હતી. દરમિયાન ઘટનાના પગલે પોલીસે બાઈક નંબર અને સીસીટીવીકુટેજના આધારે અપહરણ કરનાર શખ્સને ઝડપી લેતા કારયેદસરની કાર્યવાહી હાથ ધરી હતી.



અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં મેઘરજના તેમજ તાલુકાના ભાજપના નેતાઓ કાર્યકરો અને યુવા કાર્યકરો દ્વારા સોમવારના રોજ ડિજે સાઉન્ડ સાથે ત્રિરંગા યાત્રા કાઢવામાં આવી હતી. મેઘરજમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા જરા યાદ કરો કુરબાની અંતર્ગત ભાજપના તમામ નેતાઓ અને કાર્યકરોએ ત્રીરંગા યાત્રા કાઢી દેશના આઝાદીના નેતાઓને યાદ કર્યા હતા. મેઘરજ ગત રવિવારથી સતત વરસાદ ચાલુ છે ત્યારે આવા વરસાદમાં પણ ભાજપના નેતાઓ, કાર્યકરો અને યુવા કાર્યકરો દ્વારા ત્રિરંગા યાત્રા કાઢી દેશ નેતાઓને યાદ કર્યા હતા.

# ઊંઝા તાલુકામાં વધતો રોગચાળાનો ઉપદ્રવ

ઊંઝા, તા. ૨૪

ઊંઝા શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી પાણીજન્ય જંતુઓથી તેમજ વાઈરસ ઈન્ફેક્શન થવાથી રોગચાળો ફેલાતા ઘણા લોકો માંદગીમાં સપડાયા છે. માંદગીમાં પટકાયેલ દર્દીઓ સરકારી અને ખાનગી દવાખાનાઓમાં સારવાર અર્થે જતા હોઈ આવી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યા વધી ગઈ છે. ચાલુ વર્ષે ચોમાસુ વરસાદ વિલંબથી પરંતુ સારો થયેલ છે. છેલ્લા એકાદ સપ્તાહથી વરસાદે વિરામ લીધા બાદ આકાશ વાદળછાયુ રહ્યું છે. દિવસે ગરમી અનુભવાય જ્યારે રાત્રીના સમયે ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે.

તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સાફસફાઈના અભાવે તેમજ કેટલીક જગ્યાએ વરસાદી પાણીના ભરાવાથી મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. જેના કારણે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો તેમજ તાવ, મલેરીયા, કમળો, ઝાડા, ઉલ્ટી, શરદી, ખાંસી જેવા રોગચાળાએ માથુ ઉંચક્યું છે.

પાણીજન્ય તેમજ વાઈરલ ઈન્ફેક્શન જેવા રોગચાળાને લીધે સરકારી તેમજ ખાનગી દવાખાનાઓમાં દર્દીઓની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થતો જાય છે. વિવિધ રોગોમાં સપડાયેલા ઘણા દર્દીઓ સરકારી તેમજ ખાનગી દવાખાનામાં સારવાર લઈ રહ્યા છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં આ રોગચાળો વ્યાપક બન્યો હોવાનું ચર્ચાય છે.

તાલુકાના કેટલાક ગામોમાં સ્થાનિક ગ્રામ પંચાયતોની સફાઈ પ્રત્યેની બેદરકારીના કારણે કચરો અને ગંદકી ફેલાતાં રોગચાળો વકરે તેવી સ્થિતિ પેદા થઈ છે. આ બાબતે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સત્વરે યોગ્ય પગલાં ભરાય તે જરૂરી છે.



ગુજરાત એસ.ટી. ખાતામાં છેલ્લા એકાદ અઠવાડિયાથી એસ.ટી. ખાતાની ઘોર બેદરકારીથી અવારનવાર એસ.ટી. બસના ટાયર નીકળવાના બનાવો બની રહ્યા છે. ત્યારે સોમવારના રોજ મોટી મોયડીથી મોડાસા જતી મીની એસ.ટી. બસ નં. જીજે.૧૮.વાય.૪૮૪૨નું મેઘરજ નાગરીક બેંક આગળ અચાનક પાછલા ટાયરના બોલ્ટ ખુલી જતાં ટાયર નીકળવાની તૈયારી હતી તે અરસામાં ડ્રાઈવર અને કંડકટરની સાવચેતી અને સમયસુચકતા દાખવી એસ.ટી. બસ થોભાવી દઈ તાત્કાલિક પ્રાઈવેટ મીકેનીકને બોલાવી ટાયરના બોલ્ટ ફીટ કરાવ્યા હતા. આમાં ડ્રાઈવર અને કંડકટરની સાવચેતીથી વિદ્યાર્થીઓ તેમજ પેસેન્જરોનો આબાદ બચાવ થયો હતો અને સદનસીબે મોટી જાનહાની ટળી હતી.

# ડૉ. રાજેશ મહેતાને અપહરણકારોથી સહીસલામત છોડાવ્યા

## ગુજરાત ATS અને અમદાવાદ ક્રાઈમ બ્રાંચે સંયુક્ત ઓપરેશન
## ૨ કરોડની માંગી હતી ખંડણી : પૂર્વ ડ્રાઈવરે જુગારમાં હારી જતા પૈસા માટે અપહરણને આપ્યો હતો અંજામ

પાટણ ના ડોક્ટર રાજેશ મહેતા અપહરણ મામલે આજે ગુજરાત એટીએસ અને અમદાવાદ ક્રાઈમ બ્રાંચે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ડૉ. રાજેશ મહેતાને બે અપહરણકારોની ચુંગાલમાંથી છોડાવ્યા છે.તેમજ બંને અપહરણકારોને પણ ઝડપી વધુ તપાસ હાથ ધરી છે.બનાસકાંઠા ના ડીસા પાટણ રોડ પર ૬ દિવસ પહેલા ડોક્ટર રાજેશ ચૌહાણ નું અપહરણ થવા પામ્યું હતુ જેમાં આજે ગુજરાત છ્જી અને અમદાવાદ ક્રાઈમ બ્રાંચે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ડૉ. રાજેશ મહેતાને સહીસલામત છોડાવવામાં સફળતા મેળવી છે. પાટણ ના ડોક્ટર રાજેશ મહેતા પહેલા વલસાડ હતા જે દરમિયાન તેમના ડ્રાયવર તરીકે નોકરી કરતો રાજેશ પટેલ તેમજ હરેશ પટેલ દ્વારા સમગ્ર અપહરણ નું તરકટ રચવામાં આવ્યું હતું। બંને આરોપી ઓ એ મહેતાના પરિવાર પાસે બે કરોડ રૂપિયાની માગણી કરી હતી. બંને આરોપી ઓ સટોડિયા છે તેમજ ટૂંક સમય પહેલા દોઢ કરોડ રૂપિયા સટ્ટામાં હારી જતા બંને એ ભેગા મળી અપહરણ ને અંજામ આપ્યો હતો તેમજ ડોક્ટર પાસે સ્વ લિખિત ચિઠ્ઠી તેમજ મોબાઈલ કલીપને પેન ડ્રાઈવ પોસ્ટ મારફતે મોકલી હતી. જો કે અપહરણકારોનો ઈરાદો સિદ્ધ થાય તે પહેલા જ આજે ક્રાઈમ બ્રાંચ અને એટીએસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને આ અપહરણકારોને ઝડપી લીધા છે. પાટણની ધારપુર મેડિકલ કૉલેજના પ્રોફેસર ડૉ. રાજેશ મહેતાનું છ દિવસ પહેલા ૧૮મી ઓગસ્ટે અપહરણ થયું હતું. ત્યારે છ દિવસ પછી પોલીસને આ અપહરણનો ભેદ ઉકેલવામાં સફળતાં મળી છે.

ગુજરાતની તમામ પોલીસ માટે આજે અપહરણકરો ની ચુંગાલમાંથી સફળતા પૂર્વક ડોક્ટર રાજેશને છોડાવાયા છે જો કે આરોપી ઓ એ ઊંઝાથી ૧૨ કિલોમીટર દૂર કલ્પેશ પટેલ ના ઘરે જ ડોક્ટર ને કેદ કર્યા હતા તેમજ સતત ૬ દિવસ સુધી આંખ પર પેટ્ટી બાંધી ને રમ માં જ પુરી રખાયા હતા। તેમજ આ બે અપહરણકારો માં કલ્પેશ પટેલ મહેસાણાનો વાતની છે તેમજ ડૉ. રાજેશ મહેતા નો પૂર્વ ડ્રાઈવર છે તેમજ હિતેશ પટેલ કલ્પેશ નો સબંધી છે જે મૂળ અમદાવાદનો છે. આ બંને પ્રોફેસરનું અપહરણ કરીને તેમના પરિવાર પાસે પ્રોફેસરના બદલામાં બે કરોડની ખંડણી માગી હતી.અપહરણકારો એ ડોક્ટરની સ્થિતિ થી પૂર્ણપણે વાકેફ હતા તેમજ સમગ્ર અપહરણ દરમિયાન કોઈ જ ભૂલ ન થાય તેનું આરોપી ઓ એ ધ્યાન રખાયું હતું જો આરોપી કોઈ સુરાગ છોડતો જ હોય છે. ઠીક આ કેસ માં પણ પોલીસે નાની બાબતો ધાયણ માં લઈ સમગ્ર કેસ ને સફળતા પૂર્વક ઉકેલી વધુ તપાસ હાથ ધરી છે



બનાસકાંઠામાંથી પાટણ ના ડોક્ટરનું થયેલું અપહરણ બાદ સમગ્ર ઉત્તર ગુજરાત ની પોલીસ કામે લાગી હતી તેમજ એંટીએસ ના સહયોગ થી અપહરણ કરો ને ઝડપી ડોક્ટર ને બચાવી લેવાયા છે ત્યારે આગામી સમયમાં આ મુદ્દે હજુ કેટલાક રહસ્યો પરથી પડદો ઉંચકાશે તે જોવું રહે છે. આ ડૉ. રાજેશ મહેતા ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડતા તમામ વિગતો પ્રેસ કોન્ફરન્સ યોજીને ભુજ આઈ.જી. એ. કે. જાડેજાએ પાલનપુર ડી.એસ.પી. કચેરી ખાતે પત્રકારોને વાતચીત કરી જણાવ્યું હતું.